Sheetal
ANYTIME TASTY
Sheetal Noodles
© 73000 51000

અમરેલી, ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૧૮-૧-૨૦૨૪ ગુરૂવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP
ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બ્રાસ બેન્ડ
લેડીઝ અને જેન્ટસ સિંગર સાથે
૧૦૦ માણસોનો સ્ટાફ મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ પોષ સુદ ૮ વર્ષ : ૨૮ અંક ૧૩૫

### જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભરતભાઇ સુતરીયાના અધ્યસ્થાને સામાન્ય સભા મળતા

# અમરેલી જિલ્લા પંચાયતનું ૯૯૭.૫૨ કરોડનું બજેટ પસાર

## અમરેલી જિલ્લા પંચાતની સામાન્ય સભામાં બજેટ ઉપરાંત જી.પ.પ્રમુખનાં ક્વાટર રિપેરીંગ સહિતની જોગવાઇ કરાઇ

## જિ.પં.ની વિવિધ સમિતિનાં ચેરમેનો અને સદસ્યોએ બજેટને હર્ષભેર આવકાર્યુ

## જિલ્લા પંચાયતમાં ૫૩૨.૨૪ લાખની આવક સામે રૂપિયા ૪૩૦.૫૨ લાખ ખર્ચની બજેટમાં જોગવાઇ કરવામાં આવી



અમરેલી,અમરેલી જિલ્લા પંચાયતના પ્રમ્ખશ્રી ભરતભાઈ સુતરીયા નાં અધ્યક્ષ સ્થાને સામાન્યસભા મળેલ હતી.આ બેઠકમાં જિલ્લા પંચાયતના સચિવ-વ--જિલ્લા વિકાસ અધિકારીશ્રી,ઉપપ્રમુખશ્રી સુરેશભાઈ પાથર, ચૂંટાયેલ સભ્યશ્રીઓ અને શાખા અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા.આ બેઠકમાં મુખ્ય મુદ્દો અંદાજપત્ર સને ૨૦૨૪-૨૫ મંજુર કરવાની બાબત હતી.જે બજેટ રજુ કરતા શ્રી ભરતભાઈ સુતરીયા એ હર્ષ અનુભવી આજરોજ ની બેઠકમાં જિલ્લા પંચાયત અમરેલીના સુશાશન અને અંદાજપત્રમાં સ્વભંડોળ બાજુ ૫૩૨.૨૪ લાખની આવક સામે ૪૩૦.૫૨ લાખ ખર્ચ કરવાનું આયોજન કરેલ જયારે તબદિલ પ્રવૃતી સરકારી યોજનામાં૯૯૭.૫૨ કરોડ નું અંદાજપત્ર રજુ કરવામાં આવેલ હતી.જે સામાન્યસભા દ્વારા સર્વ સહમતિથી મંજુર કરવામાં આવ્યુ.જે બદલ જિલ્લા પંચાયત અમરેલીના પ્રમુખશ્રી ભરતભાઈ સુતરીયા એ સૌનો આભાર માન્યો અને જિલ્લા પંચાયત અમરેલીના ઉપ પ્રમુખશ્રી સુરેશભાઈ પાથર તથા તમામ ચેરમેનશ્રી અને તમામ સદસ્યશ્રીઓએ આ અંદાજપત્રને હર્ષભેર આવકાર્યું હતું.

### જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભરતભાઇ સુતરીયાની અભુતપુર્વ સિધ્ધી

# અમરેલી જિલ્લા પંચાયતના ઇતિહાસમાં સર્વ પ્રથમ વખત દરેક મુદા સર્વ સંમતિથી પસાર

## જિલ્લા પંચાયત સભ્યોનાં રજુ કરાયેલા કામના પ્રશ્નોનો સમયસર ઉકેલ થતા પહેલી વખત જ વિકાસના તમામ મુદાઓમાં સૌ સાથે રહયા

અમરેલી,

જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભરતભાઈ સુતરીયાની અભુતપુર્વ સિધ્ધી આજના બજેટ કાળમાં દેખાઈ હતી. અમરેલી જિલ્લા પંચાયતના



ઈતિહાસમાં સર્વ પ્રથમ વખત જ દરેક મુદા સર્વ સંમતિથી પસાર થયા હતા.

અત્યાર સુધીમાં જિલ્લા પંચાયત સભ્યોનાં રજુ કરાયેલા કામના પ્રશ્નોનો સમયસર ઉકેલ થતા પહેલી વખત જ વિકાસના તમામ મુદાઓમાં સૌ સાથે રહયા હતા અને દરેક સભ્યોએ પક્ષાપક્ષીથી પર રહી વિકાસને મહત્વ આપ્યુ હતુ અને આ કાર્યવાહીમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભરતભાઈ સુતરીયાની કુનેહ અને ધગસ દેખાયા હતા.

### ૧૫ દિવસ એક સાઇડ અને ૧૫ દિવસ બીજી સાઇડ ફાટક બંધ કરાશે

# અમરેલીના લાઠી રોડ રેલ્વે ફાટક પંદર દિવસ આંશિક બંધ

## હનુમાન પરા અને કેરીયા રોડમાં ડાયવર્ઝન કરાયું : ટ્રાફિક જામ ન થાય તે માટે તંત્રને જાણ કરાઇ

અમરેલી,

અમરેલીના લાઠી રોડ પર આવેલ રેલ્વે ફાટકમાં કામગીરીને કારણે તા.૧૭-૧-૨૪ થી ૧૬-૨-૨૪ સુધી રિપેરીંગ કામગીરીને કારણે ફાટક બંધ રહેશે .પંદર દિવસ માટે હનુમાનપરા અને કેરિયા રોડથી ડ્રાઈવર્ઝન કઢાયું છે. ત્યાંથી લોકો આવજાવ કરી શકશે તેમ રેલ્વેના સુત્રો દ્વારા જણાવાયું છે.

# સાવરકુંડલા યાર્ડમાં સીઝનના નવા ધાણાની આવક શરૂ થઇ

## માર્કેટયાર્ડમાં ખેડુતો, વેપારીઓનો ધમધમાટ

સાવરકુંડલા, (સૌરભ દોશી)

ગાધકડા ગામના ખેડૂત શ્રી ગોરધનભાઈ ધનજીભાઈ ફીણવીયાએ રામકૃષ્ણ ટ્રેડિંગ ના કમિશનમાં ધાણા વેચવા માટે આવેલ હોય સિઝન ના નવા ધાણાની આવકના

(અનુ. પાના નં.૭)

ડો. ભગીરથ બી. વાળા
B.D.S. (ડેન્ટલ સર્જન)
PGDCC (કોસ્મેટીક)
FAD (એસ્થેટીક)
+91 84600 38303
Divy
અર્થ દાંતની હોસ્પિટલ
કોસ્મેટીક & ઈમ્પ્લાન્ટ સેન્ટર
જડબામાં સ્ક્રૂ વડે ફિક્સ દાંત / ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર :
સડી ગયેલ દાંતને બચાવવાની સારવાર.
દાંતને વધુ સડતો અટકાવવાં દાંતના કલરનું ફીલીંગ.
દાંતમાંથી નીકળતા લોહી, મોઢાની દુર્ગંધ તેમજ પાન -મસાલાનાં દાગને દુર કરવા માટે દાંતની સફાઈ.
પાણીનાં દાગ તેમજ પીળા પડી ગયેલ દાંત માટે બ્લીચીંગ.
દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠુ)
દાંત પર લગાવાતું કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
દુ:ખાવા વગર દાંત કાઢવાની સુવિધા.
નાના બાળકોના તમામ દાંત અને પેઢા
ઓછા ખુલતા મોઢાની સારવાર.
પેઢાની સર્જરી.
પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળ સામે, અમરેલી.

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
LIC
સતત 5th Times
C.O.T. 2024
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ.ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮

ભગવાન સૌનું ભલુ કરો...
– રાજી રેજો
પ.પૂ. યોગીજી મહારાજ

બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૫૪,૯૫૦/-
(૧૦ ગ્રામ)
અમરેલી
વધુ માહિતી માટે - ૬૩૫૨૪ ૩૧૩૬૬

આપની સેફ્ટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઈ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઈ વરના...(૪ સીટર)
હુંડાઈ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઇ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઇ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઇન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

તમારા બાળકોના ઉચ્ચ અભ્યાસ
તમારા સપનાના ઘર કાર
તમારા પેન્શન પ્લાનિંગ
તમારા બાળકોના લગ્નના ખર્ચા
માટે SIP કરો...!
રોકાણ કરવા માટે બેસ્ટ સોલ્યુશન
ક્લેરિટી ફિનવેસ્ટ
મ્યુચ્યુઅલ ફંડ સાથે બનીએ નાણાકીય રીતે સ્વતંત્ર
WHAT WE OFFER !
SIP
MUTUAL FUND
INSURANCE
FIXED DEPOSIT
36 વર્ષના બહોળા અનુભવી
CLARITY FINVEST
Right Ideas For Your Money
:હેડ ઓફિસ:
F7- પહેલોમાળ, મેંગા મોલ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
94090 77355
OTHER BRANCH: RAJKOT
Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.

ભાવભરી શ્રધ્ધાંજલી
સ્વ.જીગર
યશવંતરાય જગડા
સ્વ.તા.૧૧-૦૧-૨૦૨૪ ગુરૂવાર
ગામ : રાજુલા
(બાબરાનાં ભાણેજ)
આંખો હજુ નીહાળે છે આપને અંતર હમેશા પોકારે છે આપને, સ્મરણ થાય છે ને મન મુકીને રડાવે છે અમોને આપની મીઠી સુવાસ સદા અમારા હૈયે રહેશે પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃ શાંતી અર્પે એજ પ્રાર્થના...
લી.
યશવંતભાઇ સોજાભાઇ ચલ્લા - ઉદયભાઇ યશવંતભાઇ ચલ્લા
નિલેશભાઇ યશવંતભાઇ ચલ્લા - રવિ ઉદયભાઇ ચલ્લા
પ્રિતેશ નિલેશભાઇ ચલ્લા
ગામ : બાબરા

POLO PLUS
પોલો પ્લસ
CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...
100 - 150
200 - 300
લીટર માં ઉપલબ્ધ
૧૦૦% ફૂડ ગ્રેડ મટીરીયલ
500 થી10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬

Sheetal
BUY 1 GET 1 OFFER
FREE
TRADITIONAL KULFI
ON ORDER OF ANY PIZZA
Sheetal Garden Parlour Atal Park, Collage Circle, Amreli.
10:00am to 11:00pm

## અયોધ્યામાં મંદિર પ્રાણ પ્રતિષ્ઠા અનુલક્ષીને ગાયત્રી શક્તિ પીઠથી સ્વચ્છતા ઝુંબેશ શરૂ કરાઇ

# ધાર્મિક સ્થળોની સ્વચ્છતા ઝુંબેશમાં જોડાતા શ્રી રૂપાલા

**સાંસદશ્રી નારણભાઇ કાછડીયા, નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઇ વેકરીયા, ઇફ્કોનાં ચેરમેન શ્રી દિલીપભાઇ સંઘાણી, શ્રી અશ્વિનભાઇ સાવલીયા સહિતની ઉપસ્થિતિ**

**ગાયત્રી શક્તિ પીઠનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી બાબુભાઇ રાજયગુરૂ, હિરેનભાઇ ચાવડા, મનિષભાઇ સંઘાણી, નાનજીભાઇ પાથર, નિમીષાબેન વાઢેર સહિતનું ભવ્ય આયોજન**








અમરેલી,કેન્દ્રીયમંત્રીશ્રી પરશોતમભાઇ રૂપાલાની ઉપસ્થિતીમાં અમરેલી ગાયત્રી શક્તિપીઠમાં સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ થયો હતો. અમરેલીના ગાયત્રી શકિત પીઠ ખાતે રામ જન્મ ભુમિ પ્રાણ પ્રતિષ્ઠા અંતર્ગત કેન્દ્રીય મંત્રીશ્રી પરશોતમભાઇ રૂપાલાના હસ્તે મંદિર સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો હતો. તે પ્રસંગે સાંસદશ્રી નારણભાઇ કાછડીયા, શ્રી કૌશિકભાઇ વેકીરયા, શ્રી દિલીપભાઇ સંઘાણી, શ્રી અશ્વિનભાઇ સાવલીયા, શ્રી મેહુલભાઇ ધોરાજીયા સહિતના આગેવાનો જોડાયા હતાં. અમરેલી પાલીકા તથા જિલ્લા ભાજપના વરિષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. ગાયત્રી શકિત પીઠના મેનેજીંગ ટ્રસ્ટી બાબુભાઇ રાજયગુરૂ, શ્રી હિરેનભાઇ ચાવડા, શ્રી મનીષભાઇ સંઘાણી, શ્રી નાનજીભાઇ પાથર, શ્રી નિમિષાબેન વાઢેર, શ્રી કમલેશભાઇ મહેતા, શ્રી હંસરાજભાઇ સાકરીયા વગેરે જહેમત ઉઠાવી હતી. શ્રી રૂપાલાએ દક્ષેશ્વર મહાદેવ મંદિરે અભિષેક કરી સ્વચ્છતા કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો.

## ધારીનું પરબડી ૨૨મી એ રામનાં રંગે રંગાશે : ગામ ધુમાડા બંધ

**પરબડી ગામમાં ધુન, કિર્તન, ભજન, મહાપ્રસાદ સહિતનું ઉમંગભેર આયોજન**

ચલાલા, (પ્રકાશ કારીયા)

૨૨મી જાન્યુઆરીએ અયોધ્યામાં શ્રી રામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અનુલક્ષીને પરબડીમાં ધાર્મિક કાર્યક્રમો સાથે ગામ ધુમાડા બંધનું આયોજન થયું છે. અયોધ્યામાં ૫ હજાર વર્ષ બાદ ભગવાન રામચંદ્ર મંદિરમાં બીરાજમાન થઇ રહ્યાં છે ત્યારે ધારી તાલુકાનાં પરબડી ગામમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું છે. પરબડીનાં સરપંચ મંગળુભાઇ વાળાએ જણાવ્યું છે કે, અયોધ્યામાં મુર્તિ પ્રતિષ્ઠાને લઇને પરબડીમાં ગામ સ્વચ્છ કરી એક યજ્ઞ યોજાશે. રામજી મંદિરે ધુન, કિર્તન, ભજન કાર્યક્રમ અને યજ્ઞની સાંજે પુર્ણાહુતિ થયા બાદ ગામ ધુમાડા બંધ મહાપ્રસાદનું આયોજન કરેલ છે. તા.૨૧ અને ૨૨ નાં રોજ ગામનાં દરેક પરિવારો પોતાનાં ઘેર લીલા તોરણ બાંધી રંગોળી પુરશે અને દિપ પ્રાગટ્ય કરી દિવાળી જેવો માહોલ સર્જી રામચંદ્ર ભગવાનની ભાવ વંદનાં કરશે. આ કાર્યક્રમને સફળ બનાવવા સરપંચ મંગળુભાઇ વાળાનાં માર્ગદર્શન નીચે ગ્રામ પંચાયતનાં સભ્યો, દરેક સમાજનાં આગેવાનો, નાના મોટા ધર્મપ્રેમીઓ જહેમત ઉઠાવી રહ્યાં છે.

## રાજુલા નજીક કોટડી ગામે રસ્તાનાં કામોનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય હીરાભાઇ સોલંકી

**રૂા.૧.૩૧ કરોડના ખર્ચે રોડ મંજુર થતાં આભારની લાગણી વ્યક્ત કરતા શ્રી સોલંકી**



અમરેલી,

આજરોજ રાજુલાના કોટડી મુકામે 'કોટડી થી કોટડીપરા' સુધીનો ઝાપોદરને જોડતો ૨ કી.મીનો માર્ગ ૧.૩૧ કરોડના ખર્ચે મંજુર થતા તેનું ખાતમુહૂર્ત ધારાસભ્ય હીરાભાઇ સોલંકીએ કર્યું હતું. લોકોની સુખાકારી માટે આ માર્ગ મંજુર કરવા બદલ સરકારશ્રીનો આભાર માન્યો હતો.

આ તકે જિલ્લા ભાજપ મહામંત્રી પીઠાભાઇ નકુમ કનુભાઇ કલસરિયા તાલુકા ભાજપ પ્રમુખ હરસુરભાઇ લાખણોત્રા તાલુકા પંચાયત પૂર્વપ્રમુખ પ્રતિનિધિ બોઘાભાઇ લાડુમોર ભુપેન્દ્રભાઇ વરુ મુકેશભાઇ ગુજરીયા સરપંચ એસોસિએશનના પ્રમુખ મનુભાઇ ધાખડા સહિતના આગેવાનો ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત સરકારનાં ક્લાયમેન્ટ ચેન્જ વિભાગ હસ્તકની ગુજરાત ઉર્જા એજન્સી યોજનામાં

# અમરેલી, કુંકાવાવનાં ૩૭ ગામોમાં સ્મશાન ભઠી મંજુર કરાવતા શ્રી કૌશિક વેકરીયા

**સુધારેલી સ્મશાન ભઠી બેસાડવાનું કામ એક માસમાં પુરૂ કરાશે : ૫૦ હજારથી વધુ કિંમતની ભઠી બેસાડાશે**



અમરેલી, રાજયના સ્મશાનગૃહોમાં સુધારેલ સ્મશાનભઠ્ઠી બેસાડવાની ગુજરાત સરકારના કલાયમેટ ચેન્જ વિભાગ હસ્તકની ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીની યોજના હાલમાં કાર્યરત છે. જેડા દ્વારા આ યોજના અંતર્ગત ગામડાઓના સ્મશાનગૃહોમાં સુધારેલી ભઠ્ઠી બેસાડવાની કામગીરી કરવામાં આવે છે. જેમાં ગ્રામ પંચાયત દ્વારા લાભાર્થી ફાળા તરીકે રૂપિયા હજાર ભરવાના હોય છે. જે બાદ અંદાજિત પચાસ હજાર કરતાં વધુ રૂપિયાની સ્મશાનભઠ્ઠી બેસાડવામાં આવે છે. અમરેલીનાં જાગૃત અને યુવાન ધારાસભ્ય તરીકે કૌશિકભાઇ વેકરિયાએ પ્રજાવિકાસના દરેક ક્ષેત્રના કામો હાથપર લીધાં છે ત્યારે, તેમનાં પ્રયત્નોથી અમરેલી તાલુકાના માલવાણ, દેવળિયા, રોઢિયા, શંભુપરા, તરકતળાવ, કાઠમાં, કમીગઢ, કેરિયાચાડ, દહિંડા, મોટા માંડવડા, મોણપુર, સરંભડા, ચક્કરગઢ, શેડુભાર, જાળિયા, ઇશ્વરિયા, માંગવાપાળ, પીઠવાજાળ, ચિત્તલ, ખડખંભાળિયા જેવા ગામો અને કુંકાવાવ તાલુકાના બરવાળા બાવળ, કોલડા, માયાપાદર, નવા બાદનપુર, હનુમાન ખીજડિયા, અરજણસુખ, મોટા ઉજળા, જૂના બાદનપુર, દેવગામ, નાજાપુર, મોરવાડા, લુણીધાર, મોટી કુંકાવાવ, સનાળી, ખજૂરી પીપળિયા, નાની કુંકાવાવ, બાંટવાદેવળી જેવા ગામોમાં આગામી એક માસની અંદર જ આ સ્મશાનભઠ્ઠીઓ ફીટ કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવનાર છે. આ ગામોમાં હિન્દુ પ્રજાની આસ્થા સાથે જોડાયેલ અંતિમવિધિ કાર્ય માટે સ્મશાનભઠ્ઠીઓ ફીટ થયાં પછી અંતિમવિધિ માટે વપરાતા લાકડાનો વપરાશ ચાલીશથી પચાસ ટકા જેટલો ઘટી જતા પર્યાવરણની જાળવણીમાં પણ મદદ મળશે.

## અમરેલી જિલ્લા ચારણ ગઢવી સમાજનું ગૌરવ

**પીએસઆઇ શ્રી ગઢવીના પુત્ર અને પુત્રવધુ યુકે જવા રવાનાં**



અમરેલી, અમરેલી જિલ્લા પોલીસ માં પોલીસ કોન્સ્ટેબલ થી લઈને પોલીસ ઈન્સ્પેકટર સુધી પહોંચેલા શ્રી કે.એસ ભેવલીયા (ગઢવી) જેઓ એ અમરેલી પોલીસ હેડ કવાર્ટર ખાતે નવ વર્ષ સુધી પી.એસ.આઈ તરીકે સેવા આપી પી.આઇ . નું પ્રમોશન મેળવી વાલીયા ભરૂચ ખાતે થી નિવર્તી થયા જેઓ ના પુત્ર શ્રી કીશનદાન ભેવલીયા તથા પુત્રવધૂ ડો. સેજલ બેન ભેવલીયા લંડન યુ.કે.ખાતે રવાના થતાં અમરેલી જિલ્લા ચારણ ગઢવી સમાજ અને અમરેલી જિલ્લા પોલીસ પરીવાર હર્ષ અને ગૌરવ અનુભવે છે.

## બાબરા તાલુકાના વિવિધ પ્રશ્નો બાબતે ઉકેલ લાવવા સરકારમાં રજુઆત કરાઇ

**તાલુકા ભાજપના અગ્રણી શ્રી સુરેશભાઇ ધાખડા દ્વારા રેશનકાર્ડ તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજનાની સહાયમાં વધારો કરવાની રજુઆત કરાઇ**

બાબરા, (દિપક કનૈયા)

બાબરા તાલુકા ભાજપ અગ્રણી સુરેશભાઈ ધાખડાએ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સહાયમાં વધારો કરવા તેમજ રેશનકાર્ડ માં નામ સુધારો કરવા અને ચડાવવા બાબતે હળવા નિયમો કરવા રાજ્ય સરકાર માં મુખ્યમંત્રી ને પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી છે..

સુરેશભાઈ ધાખડાએ રાજ્ય સરકાર ને પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી છે કે બાબરા તાલુકા માં રેશનકાર્ડ માં પેહલા દીકરીઓના નામ ચડાવવા કે સુધારો કરવામાં માત્ર કમિનો દાખલો તેમજ પિતાનું આધારકાર્ડ આપવામાંથી રેશનકાર્ડ માં નામ ચડી જતું હતું પણ હાલ અઘરા નિયમોના કારણે પતિનું આધારકાર્ડ પ્રમાણે મહિલાનું આધારકાર્ડ માંગવામાં આવે છે જેનું સુધારા કરવા જતાં ચૂંટણી કાર્ડ માગવવા આવે આમ એક મહિલા આટલું બધું ભેગું કરવા જતાં બહુ બધો સમય નીકળી જાય છે જેના બદલે પહેલાની જેમ માત્ર નામ કમિના દાખલા પ્રમાણે નામ ચડાવવા આવે તો લોકોને રાહત મળી શકે તેમ છે

પ્રધાનમંત્રી આવાસ યોજનામાં લાભાર્થીઓને વધારો આપવા બાબતે રજુઆત કરતા જણાવ્યું હતું જે શહેર માં સાડા ત્રણ લાખ રૂપિયા ની સહાય મળે છે જે ગ્રામ્ય કક્ષાએ માત્ર એક લાખ વિસ હજાર જેટલી મળી રહી છે જે ખુબજ વિસંગતતા છે ત્યારે અહીં લાભાર્થી ને પોતાનું ઘર નું ઘર બનાવવા ખાનગી ધોરણે નાણાં લેવાની જરૂર પડે છે આગળ ખુબજ મુશ્કેલીઓ ઉભી કરે છે ત્યારે લોકોને પોતાના ઘર નું ઘર મળે તે માટે આવાસ યોજના માં પૂરતી સહાય આપવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી છે

### ૨૨મી એ ધારી યાર્ડમાં હરરાજી બંધ

અમરેલી, ૨૨મી એ અયોધ્યામાં શ્રી રામ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવને કારણે તા.૨૨ સોમવારે ધારી માર્કેટયાર્ડમાં તમામ ખેત જણસોની હરરાજીનું કામ બંધ રહેશે તા.૨૩ મંગળવારથી માર્કેટયાર્ડમાં રાબેતા મુજબ હરરાજી શરૂ થશે તેમ સેકેટરીએ જણાવ્યુ છે.

## લાઠીમાં રામજી મંદિરે સ્વચ્છતા અભિયાન યોજાયું



લાઠી, (વિશાલ ડોડીયા) લાઠી શહેરની અંદર અયોધ્યા રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને ભવ્ય તળામાં તૈયારી જોવા મળી રહી છે અનેક વિસ્તારોની અંદર જે રામજી મંદિરો આવેલા છે ત્યાં હાલમાં સાફ-સફાઈ કરવામાં આવી રહી છે શહેરને રંગો રોકાણ થી સજાવવામાં આવી રહ્યો છે અનેક વિસ્તારોની અંદર રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને તૈયારી ને ભેદ આપી દેવામાં આવ્યો છે ત્યારે લાઠી કલાપી નગરી એટલે કલાપીનું જે નગર છે તેમાં અતિ પુરાણીક મંદિર એવું રામજી મંદિર જે વણકરવાસમાં આવેલું છે ત્યાં કાર્યકર્તાઓ દ્વારા સાફ-સફાઈ કરવામાં આવેલી છે ત્યારે લોક મૂકે એવી ચર્ચા પણ જોવા મળી રહી છે કે આ જે રામજી મંદિર છે ત્યાં મહાત્મા ગાંધી આવ્યા હતા તેવું પણ જાણવા મળી રહ્યું છે.

## જુનાગઢના કેળવણીકાર શ્રી કનુભાઇ સોરઠીયાનો ૨૦મી એ જન્મદિન ઉજવાશે

**૭૬ વર્ષ પુરા થતાં ૭૭માં પ્રવેશ નિમિતે ભવ્ય ઉજવણી**

જુનાગઢ, (હિતેષ પારેખ)

જુનાગઢના કેળવણીકાર કનુભાઇ સોરઠીયાએ ૭૬ વર્ષ પુરા કરી ૭૭માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે તેમજ પ્રપોત્રી ચિ. ધ્વનીએ ૧ વર્ષ પુરૂ કરી બીજા વર્ષમાં પ્રવેશ કરી રહી છે. બંનેના જન્મ દિવસે તા.૨૦-૧-૨૪ને શનિવારે સાંજે ૪ થી ૬ બંસીધર વિદ્યાલય, દોલતપરા જુનાગઢ ખાતે શાનદાર ઉજવણી થનાર છે. તેમ અંકિત કનુભાઇ સોરઠીયા, વર્ષાબેન અંકિતભાઇ સોરઠીયાએ જણાવ્યું છે.

### જાહેર નોટીસ

આથી હું હિરેનકુમાર સી. મકવાણા - એડવોકેટ તે અમારા અસીલની સુચના અને ફરમાઇશ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત ખરીદ કરવા માંગે છે, અને તેના માલીક (૧) દેવબાઇબેન જયસુખભાઇ સુદાણી તથા (૨) હિતેશભાઇ જયસુખભાઇ સુદાણી રે. બારમણ મોટા વાળા સાથે બાનાખત (સાટાખત) કરેલ છે.

સદરહુ મિલ્કત પરત્વે કોઇ વ્યક્તિ, સંસ્થા કે કોઇપણનો વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઇપણ પ્રકારનો હક્ક, હિત હોય બોજો, ચાર્જ, લીયન, ભરણ પોષણ કે અન્ય કોઇ હક્ક હોય કે સદરહુ જમીન માટેના કબજા બાબતે કોઇને વાદ - વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઇ કરાર / લખાણ કે અન્ય કોઇપણ પ્રકારનો હક્ક / વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૫ (પાંચ) માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડી.થી જાણ કરવી મુદત સમય વિત્યા બાદ કોઇના આ અંગે હરકત, વાંધા, તકરાર સરખુ નથી અને જો હોય તેમણે સ્વેચ્છાએ જતા (વેઇવ) કરેલ છે તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે આ અંગેના કોઇ જ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

-:: પરિશિષ્ટ ::-

ગુજરાત રાજ્યના અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના મોજે બારમણ મોટા ગામના ખેડ ખાતા નં.૬૯૫, રે.સ.નં.૫/૩ પૈકી ૩ ની કુલ ક્ષેત્રફળ હે. આરે. ૧-૨૯-૫૦ ચો.મી. વાળી ખેતીની જમીનમાંથી અમારા અસીલશ્રી જરૂરીયાત મુજબની જમીન ખરીદ કરવા માંગે છે.

તા.૧૭-૦૧-૨૦૨૪
મુ. અમરેલી
એસ.-૧૫, સિલ્વર પેલેસ, સ્ટેશન રોડ,
અમરેલી, તા.જી.અમરેલી - ૩૬૫૬૦૧
મો.નં.૯૪૨૮૬૧૬૧૭૭

હિરેનકુમાર સી. મકવાણા એડવોકેટ
તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર

### સુરતમાં કબુતરનાં ચરકથી વૃધ્ધનું મોત નિપજ્યું


**જોઇએ છે**
મોપેડ - સ્કુટર ૧૯/૨૦ નું મોડલ જુજ વપરાયેલ
સંપર્ક
ડો.ડબાવાલા ફોન : ૨૨૩૦૧૫

MUTUAL FUND SIP
ટીપે ટીપે સરોવર, કાંકરે કાંકરે પાળ..
SIP એ SIP એ ધનનાં ઢગલે ઢગલા..
આજે જ... અત્યારે જ શરૂ કરો
સંપર્ક : દ્વારકાદાસ લલાડીયા
નોલેજ આધારિત ઉમદા સર્વિસ
સમૃધ્ધિ સેતુ ઇન્વેસ્ટમેન્ટ-ઇન્સ્યુરન્સ સર્વિસ
ઓફીસ - ૧૭, બીજે માળે, સીટી મોલ, રાજકમલ ચોક, અમરેલી
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૦૪૦ મો.૯૩૨૮૬ ૧૨૦૦૦ / ૯૯૨૫૬ ૨૮૨૭૪

**ગોકુલધામમાં ફલેટ અરજન્ટ સેલ**
લાઠી રોડ ઉપર નીચે ઉપર ૩ ફલેટ 2BHK તાત્કાલીક વેચવાના છે અથવા સામે પ્રોપર્ટી લેવાની છે
લાભમ્ પ્રોપર્ટીઝ : ૯૪૨૮૯ ૭૦૯૫૪

**શુધ્ધતામાં શ્રેષ્ઠ સ્વાદમાં સર્વશ્રેષ્ઠ**
મકરસંક્રાંતની મજા અવનવી વેરાયટીઓથી ભરપુર ટેસ્ટફુલ
ડ્રાયફ્રુટ શિખંડ, વેનીલા શિખંડ, પાઇનેપલ શિખંડ, એલચી શિખંડ, મેંગો શિખંડ, કેસર શિખંડ, બટર સ્કોચ શિખંડ, સ્ટ્રોબેરી શિખંડ
તેમજ દુધમાંથી બનાવેલી અવનવી મીઠાઇઓનો ખજાનો
શુધ્ધ સિંગતેલમાં બનાવેલ તાજુ ફરસાણ
ફરાળી વાનગીઓની વિવિધ રેંજ
અવધ ડેરીફાર્મ સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિર સામે, અમરેલી ફોન : ૨૨૦૦૫૨

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં

કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧



દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પ્લેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

**ભાડે આપવાનો છે**
બગસરામાં SBI બેંક પાસે નવા બાંધકામવાળો હોલ ભાડે આપવાનો છે
બેંક, મંડળી, હોસ્પિટલ, ગેસ્ટહાઉસ, હોટલ તેમજ રેસ્ટોરન્ટ થઇ શકે તેવો હોલ ભાડે આપવાનો છે
હોલની જગ્યા સ્કવેર ફીટ માપ
ગ્રાઉન્ડ ફલોર - ૨૦૦૦ સ્કવેર ફીટ
ફર્સ્ટ ફલોર - ૩૩૫૦ સ્કવેર ફીટ
નોંધ : પાણી અને પાર્કિંગની સુવિધા સાથે
સંપર્ક : મો.૯૨૬૫૨ ૯૫૪૮૧

**મહાદેવ ટ્રાવેલ્સ**
ધારી, સાવરકુંડલા, અમરેલી થી મુંબઇ ડેઇલી સર્વિસ
AC 2x1 તેમજ નોન AC સર્વિસ ન્યુ બ્રાન્ડ બસ

પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે
અમરેલી : જુના માર્કેટયાર્ડની અંદર, લાપીનોઝ પીઝાની બાજુમાં
પિન્ટુ તળાવીયા : મો.૭૦૪૬૪ ૬૪૪૧૦

### વિશ્વ હિન્દુ પરિષદ અને દુર્ગા વાહિની દ્વારા

# સાવરકુંડલામાં રિધ્ધિ સિધ્ધિ મહાદેવ મંદિર નાવલી ચોક ખાતે ૨૧ હજાર દીવડાઓની મહાઆરતી કરાશે

## અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિરની પ્રતિકૃતિને રોશન કરી : ધાર્મિક કાર્યક્રમો

સાવરકુંડલા, (સૌરભ દોશી) વિશ્વ હિન્દુ પરિષદ અને દુર્ગા વાહિની દ્વારાસાવરકુંડલામાંરિધ્ધિસિધ્ધિમહાદેવ મંદિર નાવલી ચોક ખાતે ૨૧૦૦૦ દીવડાઓનીમહાઆરતીકરાશેઅયોધ્યા ભગવાન શ્રી રામ મંદિરની પ્રતિકૃતિને રોશન કરી. અંતે ઉલ્લેખનીય છે કે ૨૨ જાન્યુયારી એ થનાર ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત સમર્ગ દેશ માં રામ મય વાતાવરણ છે ત્યારે સાવરકુંડલા માં પણ આગલે દિવસે એટલે કે ૨૧/૧/૨૪ રવિવાર ના રોજ સાંજ ના ૬.૪૫ કલાકે આ ૨૧૦૦૦ દીવડા ઓ સાથે મહા આરતી કરવા માં આવશે.

વિશ્વહિન્દુપરિષદઅનેદુર્ગા વાહિની દ્વારા ૨૧૦૦૦ દીવડાઓ ની અયોધ્યા ભગવાન શ્રી રામ મંદિર ની પ્રતિકૃતિ ને રોશન કરી મહાઆરતી માં વધારે ને વધારે ભક્તો જોડાય અને રિધ્ધિ સિધ્ધિ મહાદેવ મંદિર ખાતે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામ અને દેવોના દેવ મહાદેવ બન્ને દેવતાઓ ના અદભુત દર્શન નો લાભ લેય તેવું જણાવામાં આવ્યું હતું.

### શ્રી નૂતન સ્વામિનારાયણ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે

# બસગરામાં ઠાકોરજીની નગર યાત્રા યોજાઇ

## નગર યાત્રાનું આગેવાનો તથા ધર્મપ્રેમીઓએ સ્વાગત કર્યુ: હરિભક્તો ઉમટ્યાં



બગસરા, (રૂપેશ રૂપારેલિયા) બગસરા માંચાલી રહેલ નૂતન સ્વામી નારાયણ મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ માંઆજ રોજ બપોર બાદ ઉત્સવ મંડપ થી વર્ણાંગી નીકળેલ જે બગસરા ના મુખ્ય માર્ગો અને મુખ્ય ચોકમાંથઈ પરત ઉત્સવ સ્થળે પહોંચી હતી જેમાં બહાર થી પધારેલ સ્વામી નારાયણ સંપ્રદાયના સંતો મહંતો અને હરી ભક્તોએ બહોળી સંખ્યામાં હાજર રહ્યા જેમાં બગસરા ના નગર સેવા સદન પ્રમુખ પ્રતિનિધિ એ.વી. રિબડીયા બગસરા માર્કેટિંગ યાર્ડ નાં નવા ચૂંટાયેલી ડિરેક્ટર અને પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ રમેશ સતાઅસીયા બગસરા નાગરિક મંડળી ના ચેરમેન રશ્વીનભાઈ ડોડીયા જનરલ એમ ડી નિતેશ ડોડીયા સૌરાષ્ટ્ર નાગરિક મંડળી લી ના ચેરમેન અનિલભાઈ વેકરીયા વાઈસ ચેરમેન દિવ્યેશભાઈ વેકરીયા મંત્રી દીપકભાઈ આંબલીયા એમ ડી જયસુખભાઈ ગોંડલીયા બગસરા ના ઉદ્યોગપતિ સંજયભાઈ શિંગાળા મુંબઈ થી કાળુભાઈ સોની સહિત ના આગેવાનો અને પ્રતિષ્ઠિત વ્યાપારીઓ ઠાકોરજી ની નિશ્રામાં નગર યાત્રા માં જોડાયા હતા


... ૫૩ વર્ષથી કાર્યરત ...

લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC

સોનપાલ ઓટો એડવાઈઝર્સ

◆◆◆◆ RTO એડવાઈઝર્સ ◆◆◆◆

...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...

વિમો + લાયસન્સ
નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે,
જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦

નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ,
માણેક સ્થંભની બાજુમાં,
લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫


### જાહેર નોટીસ

આથી હું હિરેનકુમાર સી. મકવાણા - એડવોકેટ તે અમારા અસીલની સુચના અને ફરમાઇશ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત ખરીદ કરવા માંગે છે, અને તેના માલીક (૧) વિજયભાઇ ભગવાનભાઇ સુદાણી (૨) સંજયભાઇ ભગવાનભાઇ સુદાણી (૩) આરતીબેન ભગવાનભાઇ સુદાણી તમામ રે. બારમણ મોટા વાળા સાથે બાનાખત (સાટાખત) કરેલ છે.

સદરહુ મિલ્કત પરત્વે કોઇ વ્યક્તિ, સંસ્થા કે કોઇપણનો વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઇપણ પ્રકારનો હક્ક, હિત હોય બોજો, ચાર્જ, લીયન, ભરણ પોષણ કે અન્ય કોઇ હક્ક હોય કે સદરહુ જમીન માટેના કબજા બાબતે કોઇને વાદ - વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઇ કરાર / લખાણ કે અન્ય કોઇપણ પ્રકારનો હક્ક / વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૫ (પાંચ) માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી. એડી. થી જાણ કરવી મુદત સમય વિત્યા બાદ કોઇના આ અંગે હરકત, વાંધા, તકરાર સરખુ નથી અને જો હોય તેમણે સ્વેચ્છાએ જતા (વેઇવ) કરેલ છે તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે આ અંગેના કોઇ જ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

-:: પરિશિષ્ટ ::-

ગુજરાત રાજ્યના અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના મોજે બારમણ મોટા ગામના ખેડ ખાતા નં.૪૦૮, રે.સ.નં.૫/૩ પૈકી ૧ / પૈકી ૧ ની કુલ ક્ષેત્રફળ હે.આરે. ૧-૪૩-૫૨ ચો.મી. વાળી ખેતીની જમીનમાંથી અમારા અસીલશ્રી જરૂરીયાત મુજબની જમીન ખરીદ કરવા માંગે છે.

તા.૧૭-૦૧-૨૦૨૪
મુ. અમરેલી
એસ.-૧૫, સિલ્વર પેલેસ, સ્ટેશન રોડ,
અમરેલી, તા.જી.અમરેલી - ૩૬૫૬૦૧
મો.નં.૯૪૨૮૬૧૬૧૭૭

હિરેનકુમાર સી. મકવાણા એડવોકેટ
તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર


# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી



## સ્વ. દડુભાઇ લખુભાઇ ધાધલ (ઉ.વ.૬૭)

સ્વ.તા.૧૩-૦૧-૨૦૨૪ શનિવાર

પ્રેરણાદાયી પંચામૃત, જીવનમાં સ્નેહ સદ્ભાવ અને સંસ્કારોનો શિલાલેખ બનાવી કુટુંબ અને સમાજમાં સ્નેહલ સંબંધો દ્વારા દિવ્યતાની અખંડ જયોત જગાવી સૌ કોઈને મીઠો આવકાર આપનાર આપનો સ્નેહ નીતરતો સદાય લાગણીશીલ સ્વભાવ અમો કદી વિસરશું નહીં. આપના પુણ્ય આત્માને ભાવ વંદના. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.

ઓમ એન્ટરપ્રાઇઝ - અમરેલી

વિપુલગીરી ગુણવંતગીરી ગોસાઇ

કમલેશગીરી ગુણવંતગીરી ગોસાઇ


### તા.૧૭ ના મધરાત્રે ટોરેન્ટ અને પીએસએલ રોડ પાસે વનતંત્રની સારી કામગીરી

# રાજુલા પંથકમાં બે બનાવમાં રેલ્વે ટ્રેક ઉપર આવેલ ૬ સિંહોને સુરક્ષીત ખસેડતુ વનતંત્ર

## બે સિંહણ અને ત્રણ બચ્ચા સહિતના પરિવારે રેલ્વે ટ્રેક ક્રોસ કરેલ : ટોરેન્ટ પાસે એક સિંહ ટ્રેક નજીક આવી ચડેલ





અમરેલી,

રાજુલા પંથકમાં રેલ્વે ટ્રેક પાસે આવી ચડેલ છ સિંહોને વનતંત્રના રેલ્વે સેવક દ્વારા સુરક્ષીત જગ્યાએ ખસેડી તેમનો જીવ બચાવવામાં આવ્યો હતો.

આ અંગેની વિગતો એવા પ્રકારની છે કે, રાજુલાનાં પીએસએલ રોડ ઉપર સ્ટોર નં. ૨૪૬ થી ૨૪૭ વચ્ચે બે સિંહણ અને ત્રણ બચ્ચાએ રેલ્વે ટ્રેક ક્રોસ કર્યો હતો આ સમયે રેલ્વે સેવક જયસુખભાઇ અને સંજયભાઇએ તેમને નદી બાજુ સુરક્ષીત ખસેડયા હતા આ જ પ્રકારે સવારના સવાર ૭ વાગ્યે એક સિંહ સ્ટોર નં. ૨૦૨૧ વચ્ચે ટોરેન્ટ વિસ્તારમાંથી આવ્યો હતો તેને પણ નદી વિસ્તારમાં રેલ્વે સેવક બાબાભાઈ અને નથુભાઈએ સુરક્ષીત ખસેડી તેમનો જીવ બચાવ્યો હતો.


APM TERMINALS
Lifting Global Trade

## ગુજરાત પિપાવાવ પોર્ટ લિમિટેડ

રજીસ્ટર્ડ ઓફીસ : પિપાવાવ પોર્ટ, મુકામ પોસ્ટ રામપરા-૨ વાયા રાજુલા,
જિલ્લો-અમરેલી, ગુજરાત-૩૬૫૫૬૦
CIN: L63010GJ1992PLC018106 ફોન : ૦૨૭૯૪ ૨૪૨૪૦૦ ફેક્સ : ૦૨૭૯૪ ૨૪૨૪૧૩
વેબસાઇટ : www.pipavav.com ઇમેઇલ : investorrelationinppv@apmterminals.com

સેબી (લિસ્ટિંગ ઓબ્લીગેશન્સ અને ડિસ્ક્લોઝર રીક્વાયરમેન્ટ્સ) નિયમનો, ૨૦૧૫ નાં નિયમન ૪૭ સાથે વંચાતા નિયમન ૨૯ અન્વયે, અહીં નોટીસ આપવામાં આવે છે કે ગુજરાત પિપાવાવ પોર્ટ લિમિટેડ (કંપની) નાં બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની બેઠક સોમવાર, ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ નાં રોજ ન્ય બાબતોની સાથે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ પુરા થતાં ત્રિમાસિક અને નવ માસિક ગાળાના અનઓડિટેડ અલાયદા અને સંયુક્ત પરિણામોની વિચારણા માટે યોજાશે.

બેઠકને લગતી વિગતો કંપનીની વેબસાઇટ www.pipavav.com તથા સ્ટોક એક્સચેન્જોની વેબસાઇટ www.bseindia.com અને www.nseindia.com પર પણ ઉપલબ્ધ છે.

ગુજરાત પિપાવાવ પોર્ટ લિમિટેડ માટે
તારીખ : ૧૬ જાન્યુઆરી, ૨૦૨૪   મનિષ અગ્નિહોત્રી
સ્થાન : પીપાવાવ   કંપની સેક્રેટરી અને કમ્પલાયન્સ ઓફીસર


### જાહેર નોટીસ

આથી હું હિરેનકુમાર સી. મકવાણા - એડવોકેટ તે અમારા અસીલની સુચના અને ફરમાઇશ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત ખરીદ કરવા માંગે છે, અને તેના માલીક (૧) મનુભાઇ વલ્લભભાઇ સુદાણી (૨) ચંપાબેન મનુભાઇ સુદાણી (૩) ભરતભાઇ મનુભાઇ સુદાણી તથા (૪) પરેશભાઇ મનુભાઇ સુદાણી તમામ રે. બારમણ મોટા વાળા સાથે બાનાખત (સાટાખત) કરેલ છે.

સદરહુ મિલ્કત પરત્વે કોઇ વ્યક્તિ, સંસ્થા કે કોઇપણનો વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઇપણ પ્રકારનો હક્ક, હિત હોય બોજો, ચાર્જ, લીયન, ભરણ પોષણ કે અન્ય કોઇ હક્ક હોય કે સદરહુ જમીન માટેના કબજા બાબતે કોઇને વાદ - વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઇ કરાર / લખાણ કે અન્ય કોઇપણ પ્રકારનો હક્ક / વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૫ (પાંચ) માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી. એડી. થી જાણ કરવી મુદત સમય વિત્યા બાદ કોઇના આ અંગે હરકત, વાંધા, તકરાર સરખુ નથી અને જો હોય તેમણે સ્વેચ્છાએ જતા (વેઇવ) કરેલ છે તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે આ અંગેના કોઇ જ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

-:: પરિશિષ્ટ ::-

ગુજરાત રાજ્યના અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના મોજે બારમણ મોટા ગામના ખેડ ખાતા નં.૩૩૯, રે.સ.નં.૫/૩ પૈકી ૨ ની કુલ ક્ષેત્રફળ હે.આરે. ૧-૧૩-૩૧ ચો.મી. વાળી ખેતીની જમીનમાંથી અમારા અસીલશ્રી જરૂરીયાત મુજબની જમીન ખરીદ કરવા માંગે છે.

તા.૧૭-૦૧-૨૦૨૪
મુ. અમરેલી
એસ.-૧૫, સિલ્વર પેલેસ, સ્ટેશન રોડ,
અમરેલી, તા.જી.અમરેલી - ૩૬૫૬૦૧
મો.નં.૯૪૨૮૬૧૬૧૭૭

હિરેનકુમાર સી. મકવાણા એડવોકેટ
તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર

### જાહેર નોટીસ

આથી હું હિરેનકુમાર સી. મકવાણા - એડવોકેટ તે અમારા અસીલની સુચના અને ફરમાઇશ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત ખરીદ કરવા માંગે છે, અને તેના માલીક (૧) આરતીબેન ભગવાનભાઇ સુદાણી તમામ રે. બારમણ મોટા વાળા સાથે બાનાખત (સાટાખત) કરેલ છે.

સદરહુ મિલ્કત પરત્વે કોઇ વ્યક્તિ, સંસ્થા કે કોઇપણનો વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઇપણ પ્રકારનો હક્ક, હિત હોય બોજો, ચાર્જ, લીયન, ભરણ પોષણ કે અન્ય કોઇ હક્ક હોય કે સદરહુ જમીન માટેના કબજા બાબતે કોઇને વાદ - વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઇ કરાર / લખાણ કે અન્ય કોઇપણ પ્રકારનો હક્ક / વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૫ (પાંચ) માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી. એડી. થી જાણ કરવી મુદત સમય વિત્યા બાદ કોઇના આ અંગે હરકત, વાંધા, તકરાર સરખુ નથી અને જો હોય તેમણે સ્વેચ્છાએ જતા (વેઇવ) કરેલ છે તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે આ અંગેના કોઇ જ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

-:: પરિશિષ્ટ ::-

ગુજરાત રાજ્યના અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના મોજે બારમણ મોટા ગામના ખેડ ખાતા નં.૫૮૧, રે.સ.નં.૫/૩ પૈકી ૧ ની કુલ ક્ષેત્રફળ હે.આરે. ૧-૬૦-૦૦ ચો.મી. વાળી ખેતીની જમીનમાંથી અમારા અસીલશ્રી જરૂરીયાત મુજબની જમીન ખરીદ કરવા માંગે છે.

તા.૧૭-૦૧-૨૦૨૪
મુ. અમરેલી
એસ.-૧૫, સિલ્વર પેલેસ, સ્ટેશન રોડ,
અમરેલી, તા.જી.અમરેલી - ૩૬૫૬૦૧
મો.નં.૯૪૨૮૬૧૬૧૭૭

હિરેનકુમાર સી. મકવાણા એડવોકેટ
તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર


રજી.સે.શ.૩૬૭૫૨   ॥ સત્યમેવ જયતે ॥   ઓડીટ વર્ગ 'અ'

# અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

## દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

### ૫૦ હજારની એફડી ઉપર ભેટ મેળવો

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

## આકર્ષક વ્યાજદરો

### સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા

- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો. ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

## વિશ્વાસ તમારો અને મહેનત અમારી

# અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.

• બાયપાસ બ્રાન્ચ •
સિલ્વર શાઈન કોમ્પલેકસ,
રોયલ એમેઝોન સામે,
બાળહનુમાન મંદિર રોડ,
બાયપાસ રોડ, અમરેલી.

• બાબરા બ્રાન્ચ •
સહકાર ભવન, શિવાજી ચોક,
તાલુકા શાળા સામે,
મુ. બાબરા. જિ. અમરેલી.
ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯

• ધારી બ્રાન્ચ •
રેલ્વે સ્ટેશન પાસે,
ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે
મુ. ધારી. જિ. અમરેલી.
ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૮-૧-૨૦૨૪ ગુરૂવાર

# અમેરિકાની કિન્નાખોરી વરસોથી ભારતને વારંવાર અકળાવે છે ને એનો ઉપાય શું..?

યુએસ કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજિયસફ્રીડમ (યુસિર્ફ) નીએભલામણ ભારતને વિશેષ ચિંતાના દેશ તરીકે સાબિત કરવા અને તેના પર પ્રતિબંધો લાદવાના ઈરાદાઓ પર ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. જોકે યુસિર્ફ પહેલા પણ આવી વાતો કહી ચૂક્યું છે, તેની તાજેતરની ભલામણ તેના પોતાના ધોરણોથી પણ ચોંકાવનારી છે.

અમેરિકાએ જગત પર રાજ કરવા માટેના અનેક સત્તામંડળો ઊભા કરી રાખેલા છે એમાંનું આ એક છે. જે પોતાને ઘેર બેઠા એઠા બીજા દેશોનો મનઘડંત ન્યાય તોળે છે. જગતકાજીની આ બદતમિઝી બધા સહન કરતા આવ્યા છે ને એની જાળમાંથી રશિયા અને ચીન જેવા કેટલાક માથાભારે અને ઉત્તર કોરિયા અને કતાર જેવા તુમાખી ધરાવતા દેશો જ છટકી શક્યા છે.

આ વખતે યુસિર્ફની ભલામણ એવા આક્ષેપો પર આધારિત છે જેની સચ્ચાઈની ક્યાંય પુષ્ટિ મળી નથી. નિજ્જર હત્યા કેસ અને પન્નુની હત્યાના કથિત કાવતરાને લગતા આરોપો ભારત વિરોધી તત્ત્વો દ્વારા આંતરરાષ્ટ્રીય મીડિયામાં વારંવાર ઉઠાવવામાં આવી રહ્યા છે, પરંતુ આ માત્ર જૂની વાતોનું પુનરાવર્તન છે. આ બાબતોના આધારે, યુસિર્ફ ફરી એકવાર તેની જૂની રેકર્ડ વગાડીને એ સ્વરો આગળ ધપાવવા ચાહે છે.

યુએસ કમિશનની આ ઉતાવળ પણ અગમ્ય છે કારણ કે કેનેડા, અમેરિકા અને ભારત એમ ત્રણ દેશોમાં આ કેસોની તપાસ અલગ-અલગ સ્તરે ચાલી રહી છે, પરંતુ ક્યાંય તે તેના તાર્કિક નિષ્કર્ષ પર પહોંચી નથી. આ અમેરિકન કમિશનનું આ વલણ કોઈ નવી વાત નથી, તેણે તેના છેલ્લા ત્રણ વાર્ષિક અહેવાલોમાં ભારત સામે આવી જ ભલામણો કરી છે.

ભારત સરકાર આ અહેવાલોને ફગાવી રહી છે એટલું જ નહીં, અમેરિકન સરકારે પણ તેના પર ધ્યાન આપવું જરૂરી નથી માન્યું. પરંતુ આ વખતે બતાવવામાં આવેલી ઉતાવળ એ આરોપોને વધુ મજબૂત બનાવે છે કે તેના અહેવાલોમાં ભારત વિરોધી પક્ષપાત મુખ્ય ભૂમિકા ભજવે છે. ભારતીય મૂળના પાંચ અમેરિકન સાંસદોના નિવેદનોને પણ આ સંદર્ભમાં જોવું પડશે.

જોકે ડેમોક્રેટિક પાર્ટી સાથે જોડાયેલા આ સાંસદોનું નિવેદન બાઈડન પ્રશાસનના ખાનગી બ્રિફિંગ પર આધારિત છે, તેમ છતાં તેમના માટે એ કહેવું જરૂરી છે કે આ મામલો ભારત-અમેરિકાના સંબંધો માટે ખતરો બની શકે છે.

જે રીતે ભારત વિરોધી તત્ત્વો આ પ્રકરણને ઉઠાવી રહ્યા છે તે જોતા કહી શકાય કે આ મામલામાં સત્ય ભલે ગમે તે હોય પણ તેની પાછળનો ઈરાદો બંને દેશોના સંબંધોને ઠેબે ચડાવવાનો છે. આવી સ્થિતિમાં મામલાને એ રીતે હેન્ડલ કરવામાં આવે કે સાપ મરે પણ લાકડી ન તૂટે તે વધુ જરૂરી બની જાય છે.

મતલબ કે આ મામલાનો ઉકેલ લાવવો જોઈએ અને જે લોકો સંબંધ બગાડવાની યોજના બનાવી રહ્યા છે તેમને સાચો મેસેજ મોકલવો જોઈએ. દેખીતી રીતે જ બંને દેશોએ વધુ સાવધાની અને સંવેદનશીલતા દાખવવાની જરૂર છે.

અમેરિકાની સરકારી એજન્સી યુએસ કમિશન ફોર ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમે ખરેખર તો ખાલિસ્તાની વિવાદને આધાર બનાવીને ભારતમાં ધાર્મિક સ્વતંત્રતા અંગે ફરી એકવાર ઝેર ફેલાવવાની તક ઝડપી છે. યુસિર્ફ દ્વારા વિદેશમાં ધાર્મિક લઘુમતીઓને કથિત લક્ષ્યાંકને ટાંકીને, યુએસ ધાર્મિક સ્વતંત્રતા અધિનિયમ હેઠળ ભારતને વિશેષ ચિંતાનો દેશ તરીકે નિયુક્ત કરવા બાઈડન વહીવટીતંત્રને હાકલ કરી છે.

આખા વિશ્વમાં અમેરિકા આતંકવાદના નામે નિર્દોષ મુસ્લિમોનું લોહી વહાવે છે ત્યારે આ સરકારી એજન્સીનો અવાજ બહાર આવતો નથી. આતંકવાદના નામે અમેરિકાએ આટલા નિર્દોષ અફઘાનોની હત્યા કરી છે તે વાત કોઈનાથી છૂપી નથી.

એ જ રીતે સામૂહિક વિનાશના શસ્ત્રો હોવાનો ખોટો આરોપ મૂકીને ઈરાક પર આક્રમણ કર્યું અને સદ્દામ હુસૈનને પકડીને ફાંસી આપી. જે સમૃદ્ધિ તરફ આગળ વધી રહ્યું હતું એવા લિબિયાનો નાશ કર્યો. યુસિર્ફ દ્વારા તેના પત્રમાં એવો બકવાસ કરવામાં આવ્યો છે કે વિદેશમાં કાર્યકર્તાઓ, પત્રકારો અને વકીલોને ચૂપ કરવાના ભારત સરકારના તાજેતરના પ્રયાસોથી ધાર્મિક સ્વતંત્રતા માટે ગંભીર ખતરો ઊભો થયો છે. એણે યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટને વિનંતી કરે છે કે ભારતના વ્યવસ્થિત, ચાલુ રહેલ અને ધર્મ અથવા આસ્થાની સ્વતંત્રતાના ગંભીર ઉલ્લંઘનને કારણે ભારતને ખાસ ચિંતાનો દેશ જાહેર કરવામાં આવે.

# અમરેલી જીલ્લામાં કમોતના જુદા જુદા બે બનાવો

## ધારીના ઈંગોરાળા ડુંગરીમાં કુવામાં પડી જતા તેમજ દામનગરના હાવતડ ગામે ઝેરી દવા પી જતા મોત નિપજયાં

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી જીલ્લામાં જુદા જુદા બે સ્થળોએ કમોતના બનાવો પોલિસ મથકમાં જાહેર થયા છે. જેમા ધારી તાલુકાના ઈંગોરાળા ડુંગરી ગામે સંજયભાઈ હિંમતભાઈ ચૌહાણ, ઉ.વ. ૨૧ તામસી મગજ અને જડબુધ્ધીના તેમજ હઠીલા સ્વભાવનો હોય. જે છેલ્લા ત્રણેક માસથી માનસિક બિમાર હોય. જેની સારવાર ચાલુ હોય. તા. ૧૫-૧ ના સાંજના ૮:૩૦ વાગ્યે અનકભાઈ રાણીંગભાઈ પટગીર ધારીવાળાની વાડીએ આવેલ કુવામાં પડી જતા પાણીમાં ડુબી જવાથી મોત નિપજયાનું પિતા હિંમતભાઈ પાતાભાઈ ચૌહાણે ચલાલા પોલિસ મથકમાં જાહેર કરેલ છે .જયારે બીજા બનાવમાં લાઠી તાલુકાના હાવતડ ગામે રહેતા રાયમલભાઈ ભમરીયાસિંહ વસુનીયા ઉ.વ. ૩૦ મુળ એમપી વાળા વાડીએ હતા ત્યારે તેમના છોકરાઓ દુર સુધી રમવા જતા છોકરાઓને ખીજાતા રાયમલભાઈના બાએ ખીજાવાની ના પાડતા તેની સાથે બોલાચાલી થયેલ હોય . જેથી પોતાના મનમાં લાગી આવતા કપાસમાં છાંટવાની ઝેરી દવા પી જતા મોત નિપજયાનું કનુભાઈ નાનસુભાઈ વસુનીયાએ દામનગર પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

## અમરેલી બહારપરામાં જુગાર રમતા પાંચ ઝડપાયા

### પોલિસે રોકડ રૂા.૧૦,૩૫૦ નો મુદામાલ કબ્જે કર્યો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી બહારપરા વણકરવાસમાં જાહેરમાં હારજીતનો જુગાર રમતા રવિ વિક્રમભાઈ ટીંમાણીયા, શૈલેષ પ્રતાપભાઈ રાણવા, સંજય પ્રવિણભાઈ સીતાપરા , હસમુખ અમૃતભાઈ મકવાણા, મયુર અમૃતભાઈ મકવાણાને પો. કોન્સ. વનરાજભાઈ માંજરીયાએ રોકડ રૂ/.૧૦,૩૫૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

### પાલાના ગ્રાહક સાથે વાતચીત કરતા ભાવતાલ પ્રશ્ને

## બગસરામાં બે જુથ વચ્ચે સામસામી મારામારી

### લાકડાના ધોકા, લાકડી અને ધોલધપાટ મારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) બગસરા સીએનજી પંપ પાસે ઓસમાણભાઈ જમાલભાઈ ચૌહાણ ઉ.વ. ૪૫ પોતાની પાલાની ગાડી ભરીને ઉભા હોય. ત્યાં પાલો લેવા અલગ અલગ ગ્રાહકો આવતા હોય.અને ગ્રાહકો સાથે પાલા બાબતે વાતચીત ચાલુ હતી. તે દરમ્યાન અમીન અલારખભાઈ કાળવાતર દિકરા મહમદ રફીકે અમીનભાઈને કહેલ કે અમારે પાલાની વાતચીત ચાલુ છે. તો તમે શા માટે વચ્ચે પડો છો. તેમ કહેતા ઉશ્કેરાઈ દિકરા મહમદ રફીકને ગાલ ઉપર જાપટ મારતા ઓસમાણભાઈ વચ્ચે પડતા તેમને લાકડાના ધોકા વે જમણા હાથે અને વાસામાં મારમારતા દિકરો મહમદ રફીક વચ્ચે પડતા તેને વાસામાં મારમારી ધમકી આપ્યાની બગસરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.જયારે સામાપક્ષે અમીનભાઈ અલારખભાઈ કાળવાતરને મહમદ ઓસમાણભાઈ ,ઓસમાણ જમાલભાઈ ચૌહાણે મોઢા ઉપર ઘુસ્તો મારી લાકડી વડે વાસામાં મારમારી ગાળો આપ્યાની બગસરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### પત્નિ પિયરમાં જતી રહેતા પોતાને લાગી આવતા

## લાઠીમાં યુવાને એસીડ પીધું

### યુવાનને સારવાર માટે અમરેલી દવાખાને ખસેડવામાં આવ્યો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) લાઠી પઠાણ શેરીમાં રહેતા યુવાન વિશાલભાઈ પ્રકાશભાઈ રાઠોડની પત્નિ પંદરેક દિવસ પહેલા પોતાના પિયરમાં જતી રહેલ હોય. જે બાબતનું પોતાને મનમાં આવતા પોતે પોતાની મેળે એસીડ પીજતા પ્રથમ લાઠી અને વધુ સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

## બાબરાના લોનકોટડામાં સગીરાને ભગાડી જવાઈ

### લલચાવી ફોસલાવી ભગાડી ગયાની ફરિયાદ દાખલ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) બાબરા તાલુકાના લોનકોટડા ગામે રહેતી સગીરાને તા. ૮-૧ ના કોઈ અજાણ્યો શખ્સ સગીર વયની હોવાનું જાણવા છતા લલચાવી ફોસલાવી બદઈરાદે વાલીપણામાંથી ભગાડી ગયાની સગીરાના પિતાએ બાબરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ધારીમાં પરીણીતા નાની દિકરી સાથે ગુમ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ધારી નવીવસાહતમાં રહેતી પરીણીતા તેની ત્રણ વર્ષની દિકરીને લઈને ઘરેથી કોઈને કહયા વગર ગુમ થયાનું પતિએ ધારી પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

## જુનાગઢમાં ટ્રાફીક શાખા દ્વારા પોલિસ બોર્ડવાળા વાહનો સામે કડક કાર્યવાહી

### વાહન ચાલકો સામે ગુના નોંધી કડક કાર્યવાહી કરી

જુનાગઢ, હિતેશ પારેખ જુનાગઢ ટ્રાફીક શાખા દ્વારા જુદા જુદા સ્થળોએ ટ્રાફીક ઝુંબેશ હાથ ધરી પોલિસ બોર્ડના પાટીયાવાળી એક કાર સાબલપુર ચોકડી પાસેથી મળી આવતા તેને રોકી નામ ઠામ પુછતા સુરેન્દ્રનગરના ફ્રુટનો વેપાર કરતા એઝાઝ જાકીરભાઈ ખોજાણી પોતાની મારૂતિ સુઝુકી સ્વીફ્ટ જી.જે. ૧૩ એન. એન. ૨૫૬૫ માં અંગ્રેજી ભાષામાં પોલિસનું એકેલીંક બોર્ડ પોતે પોલિસ રાજય સેવક તરીકે હોદો ધરાવતા ન હોય. છતા ખોટી રીતે પોલિસમાં હોવાનો દેખાવ કરતા તેની સામે ગુનો નોંધી કડક કાર્યવાહી હાથ ધરી હતી.

## દમણમાં કોળી સમાજની બેઠકમાં શ્રી હિરાભાઇ સોલંકી

### અખિલ ભારતીય કોળી સમાજ સંગઠન દિલ્હીની કારોબારીમાં હાજરી આપી



રાજુલા, અખિલ ભારતીય કોળી સમાજન્યુ દિલ્હીના સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ અજીતભાઈ પટેલ તથા ઉપ, રાષ્ટ્રીય અધ્યક્ષ હરિશંકર માહોર તથા પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ સત્યનારાયણ પવાર વગેરે ના રાષ્ટ્રીય હોદેદારો દ્વારા દમણ ખાતે કારોબારી મીટીંગ બોલાવવામાં આવી હતી જેમાં ગુજરાત માંથી રાજુલા ના ધારાસભ્ય તથા અખિલ ભારતીય કોળી સમાજ ના ગુજરાત પ્રદેશ પ્રમુખ હિરાભાઈ સોલંકી આ ઉપરાંત કરસનભાઈ પટેલ સહિત ના હોદેદારો તેમજ ભારતના ૨૦/૨૨ રાજ્ય ના પ્રદેશ પ્રમુખો હાજર રહ્યા હતા.

## સાપર વેરાવળ વિસ્તારમાંથી ૧૧ ગુમ થયેલ વ્યકિતઓને શોધી કાઢતી પોલિસ

જુનાગઢ, (હિતેશ પારેખ) રાજકોટના સાપર વેરાવળ પોલિસ સ્ટેશન વિસ્તારમાં ૧૧ ગુમ થયેલ વ્યકિતઓને પોલિસે શોધી કાઢી ,પરીવારજનો સાથે મિલન કરાવ્યું હતું.

## મોટા ભમોદ્રામાં શોભાયાત્રા, મહાઆરતી યોજાશે

સાવરકુંડલા, સાવરકુંડલા તાલુકાના મોટા ભમોદ્રા ગામ ખાતે આગામી અયોધ્યામાં રામ મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ વિધિ ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ થશે .મોટા ભમોદ્રા ગામે સમસ્ત ગ્રામજનો નું સમૂહ ભોજન, ગામ ધુમાડા બંધ તેમજ મોટા ભમોદ્રા ગામના રામજી મંદિર સુખરામ બાપુની જગ્યા ખાતે અખંડ રામધૂન, મહાઆરતી, ગામના મુખ્યમાર્ગો પર વિશાળ શોભાયાત્રા, અયોધ્યા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નું લાઈવ કાર્યક્રમ ગ્રામજનો નિહાળશે.

## રામપરાના વાઘ પરિવારમાં લગ્નોત્સવ

ચિ. મહેશ ચિ. સોનલ

રામપરા નિવાસી સ્વ. સાદુર્ળભાઈ ખીમાભાઈ વાઘના સુપુત્ર ચિ. મહેશના શુભ લગ્ન દાતરડી નિવાસી રાણીંગભાઈ હમીરભાઈ લાખણોત્રાની સુપુત્રી ચિ. સોનલગૌરી સાથે તા. ૩૦-૧-૨૪ના રોજ નિર્ધારેલ છે. લગ્નોત્સવમાં ભોજન સમારોહ તા. ૨૯-૧-૨૪ને બપોરે, જાન પ્રસ્થાન તા. ૩૦ અને હસ્ત મેળાપ તા. ૩૦ના રોજ યોજાશે.

### રૂડાણી પરિવારના મઢને તસ્કરોએ નિશાન બનાવ્યું

## ધારીના લેનપરામાં મઢમાંથી ૬૫ હજારનાં છતરની ચોરી

### ચાંદીના ૮૦ અને સોનાનાં ૨ છતર ચોરી ગયાની ધારી પોલીસમાં ફરિયાદ

અમરેલી, ધારીનાં લેનપરામાં રૂડાણી પરિવારનાં મઢમાંથી રૂા. ૬૫ હજારનાં છતર ચોરી ગયાની ફરિયાદ થઈ છે આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ધારીના લેનપરામાં રૂડાણી પરિવારનું મઢ આવેલ છે તેમાં તા. ૧૫ ના રોજ બપોરનાં સુમારે કોઈ અજાણ્યા શખ્સો બારણાનાં નકુચા તોડી મઢમાં પ્રવેશ કરીને ચાંદીના છતર ૮૦ કિં. ૩૫ હજાર અને સોનાના છતર ૨ જેની કિં. ૩૦ હજાર મળી કુલ રૂા. ૬૫ હજારના ૮૨ છતર ચોરી ગયાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા અજાણ્યા શખ્સો સામે પોલીસે ધોરણસર કાર્યવાહી કરી વિશેષ તપાસ હાથ ધરી છે.

## સુરતમાં પિતાની આંખની સામે જ પુત્રીનું પાંચમાં માળેથી નીચે પટકાતા મોત થયું : ૨૨ વર્ષિય યુવતી પોતાનાં પિતા સાથે સ્લેબ ભરવાનું કામ રહી હતી

### બગસરા પોલીસે ગણત્રીના કલાકોમાં હુમલાખોરોને ઝડપી લીધા

## બગસરાના હાલરીયા ગામે બનેલા બનાવમાં પાંચ શખ્સોની ધરપકડ

### બાઇક્ને ભાંગી નાખી અને હથીયારો વડે હુમલો કરેલ

બગસરા, (રૂપેશ રૂપારેલીયા) બગસરાના હાલરીયા ગામે બનેલા રાયોટીંગના બનાવમાં પોલીસે પાંચની ધરપકડ કરી છે.તા. ૧૨મીએ હાલરીયામાં હીમતભાઈ સહિત બે ઉપર હુમલો કરી અને ઈજા કરનારા છે આરોપી પૈકીના કાના ભગાભાઈ માધડ ઉ.વ.૫૪, રવી જીવાભાઈ માધડ ઉ.વ.૨૦,લાલજી ઉર્ફે લાલો કાનજીભાઈ માધડ ઉ.વ.૨૦,અભય ડાયાભાઈ માધડ ઉ.વ.૨૪ અને અશોક ખીમજીભાઈ માધડ ઉ.વ.૩૦ને પકડી પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## એચડીએફસી બેંકના 'પરિવર્તન' પ્રોગ્રામે ૩૦ ઇન્ક્યુબેટરોને સ્ટાર્ટઅપ ગ્રાન્ટ આપવાની જાહેરાત કરી

અમદાવાદ, (રાજેશ મહેતા) ભારતની ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંક એચડીએફસી બેંકે જાહેરાત કરી છે કે, તેઓ આ વર્ષે તેની પરિવર્તન સ્ટાર્ટઅપ ગ્રાન્ટ્સ હેઠળ ૩૦ ઈન્ક્યુબેટરો અને એક્સેલરેટર્સને ફન્ડિંગ પૂરું પાડશે. આ પ્રકારે ફન્ડ પ્રાપ્ત કરનારા સ્ટાર્ટઅપ્સ બદલામાં ૧૦૦થી વધારે સોશિયલ ઈમ્પેક્ટ સ્ટાર્ટઅપ્સને ધીરાણ અને માર્ગદર્શન પૂરાં પાડશે.આ ઈન્ક્યુબેટરો અને એક્સેલરેટર્સ રાષ્ટ્રીય મહત્ત્વના હોય તેવા સામાજિક પડકારોને દૂર કરવાનું લક્ષ્ય ધરાવતા સ્ટાર્ટઅપ્સને માર્ગદર્શન પૂરું પાડી યુનાઈટેડ નેશન્સના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs)ને હાંસલ કરઅવાની દિશામાં મહત્ત્વનું યોગદાન આપશે. આ વર્ષની તેની સાતમી આવૃત્તિમાં પરિવર્તન સ્ટાર્ટઅપ ગ્રાન્ટ્સનું સંચાલન દેશમાં નવીનીકરણ અને ઉદ્યોગસાહસિકતાના માહોલને પ્રોત્સાહન આપવા માટે નીતિ આયોગ હેઠળની ભારત સરકારની પ્રમુખ પહેલ અટલ ઈનોવેશન મિશનની સાથે સહભાગીદારીમાં થઈ રહ્યું છે. આ વર્ષે પરિવર્તન સ્ટાર્ટઅપ ગ્રાન્ટ્સ ક્લાઈમેટ ઈનોવેશન, નાણાકીય સમાવેશન, કૃષિ અને સસ્ટેનેબલ ગ્રામ્ય અર્થતંત્ર, સુલભ અને પરવડે તેવી આરોગ્યસેવા, શિક્ષણ અને આજીવિકામાં વધારો તથા જાતીય વૈવિધ્યતા અને સમાવેશન જેવી વિવિધ થીમને સપોર્ટ કરી રહી છે.એચડીએફસી બેંકના રીટેઈલ બ્રાન્ચ બેંકિંગના ગ્રૂપ હેડ સુશ્રી સ્મિતા ભગતએ જણાવ્યું હતું કે, 'એચડીએફસી બેંકનો ઉદ્દેશ્ય સરકાર દ્વારા માન્ય સ્ટાર્ટઅપ્સ માટે ફન્ડિંગ ફેસિલિટેટર તરીકે કામ કરીને સ્ટાર્ટઅપના સ્થાપકો અને ઈન્ક્યુબેટરોની વચ્ચે રહેલા અંતરાલને દૂર કરવાનો છે.વર્ષ ૨૦૧૭માં લોન્ચ થયેલી પરિવર્તન સ્ટાર્ટઅપ ગ્રાન્ટ્સ એ બેંકનો વાર્ષિક અનુદાન કાર્યક્રમ છે, જેનો ઉદ્દેશ્ય સમાજમાં ઊંડો પ્રભાવ પાડવાના ક્ષેત્રમાં કામ કરી રહેલા સ્ટાર્ટઅપ્સને ઓળખીને તેમના ઈન્ક્યુબેટરોને નાણાકીય સહાય પૂરી પાડીને તેમને સપોર્ટ કરવાનો છે. છેલ્લાં સાત વર્ષમાં બેંક તેના પરિવર્તન કાર્યક્રમ મારફતે ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધીમાં ૭૫થી વધારે ઈન્ક્યુબેટરો અને ૨૫૦થી વધારે સ્ટાર્ટઅપ્સને રૂ. ૪૫ કરોડનું અનુદાન આપી ચૂકી છે.

## ગ્રહોની ચાલ

## આજનું પંચાગ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

તા. ૧૮.૧.૨૦૨૪ ગુરુવાર ,સંવંત ૨૦૮૦, પોષ સુદ આઠમ, અશ્વિની નક્ષત્ર, સિદ્ધ યોગ, વિષ્ટિ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મેષ (અ,લ,ઈ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો, દિવસ લાગણી સભર રહે .
વૃષભ (બ,વ,ઉ) : તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન કરી શકો, મુશ્કેલીમાં થી માર્ગ મળે, મધ્યમ દિવસ.
મિથુન (ક,છ,ઘ) : કોઈ કોઈ કાર્યમાં રુકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહ થી રસ્તા કાઢવા પડે.
કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ, પ્રગતિ થાય.
સિંહ (મ,ટ) : તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, લોકોની પ્રશંશા મળે, શુભ દિન.
કન્યા (પ,ઠ,ણ) : અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ એકંદરે સારો રહે.
તુલા (ર,ત) : દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.
વૃશ્ચિક (ન,ય) : કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે, ચોક્કસ નિર્ણય પર ના આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.
ધન (ધ,ભ,ફ,ઢ): વિવાહયોગ્ય મિત્રો માટે શુભ સમય, સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.
મકર (ખ,જ) : નવી વસ્તુની ખરીદી થાય, દિવસ આનંદ પ્રમોદ માં વીતે, જરૂરી ગેઝેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.
કુંભ (ગ,સ,શ ) : સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે, નોકરિયાતને મડયં રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
મીન (દ,ચ,ઝ,થ): સામાજિક કૌટુંબિક કાર્ય થાય, પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકો ને પ્રભાવિત કરી શકો.

## સાવરકુંડલામાં આહિર સમાજની બેઠક મળી



સાવરકુંડલા, તારીખ ૧૨/૦૧/૨૦૨૪ના રોજ આહિર બોર્ડિંગ-સાવરકુંડલા ખાતે આહિર સમાજની મીટીંગ યોજાઈ જેમાં સાવરકુંડલા શહેરની આહીર સમાજની પરિવાર પોથી બનાવાવની યોજનાને નક્કર સ્વરૂપ આપવામાં આવ્યું અને તેના ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું. આ ઉપરાંત શ્રી ધર્મેન્દ્રભાઈ કનાલા દ્વારા સમાજના નિઃશુલ્ક જનરલ નોલેજના વર્ગોની ચર્ચા કરી અને તારીખ ૧૮/૦૧/૨૦૨૪ના રોજ તેનો પ્રથમ દિવસ નક્કી કરવામાં આવ્યો છે જેમાં ધોરણ નવ અને તેનાથી ઉપરના બાળકો ભાગ લઈ શકશે.આ ઉપરાંત સર્વાનુમતે આહિર સમાજ કમિટીનું નિર્માણ કરવામાં આવ્યું. જેમાં પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, ખજાનચી, સહખજાનચીની વરણી આ મિટિંગમાં થઈ. બધાએ નવ નિયુક્ત હોદેદારોનું શાલ , પુસ્તક અને પુષ્પગુચ્છથી સન્માન કરેલું. જેમાં સંજયભાઈ કાતરિયા-પ્રમુખશ્રી, ધર્મેન્દ્રભાઈ કનાલા-ઉપપ્રમુખ શ્રી, મુળુભાઈ મોરી - મંત્રી શ્રી, આણંદભાઈ બાંભણિયા - ખજાનચી શ્રી, જયંતિભાઈ હડિયા - સહખજાનચી શ્રી, વિશાલભાઈ વાઘ - સભ્ય શ્રી, મિલનભાઈ બલદાણિયા-સભ્ય શ્રી, વાસુરભાઈ મોરી -સભ્ય શ્રી, મહેશભાઈ બાંભણિયા- સભ્ય શ્રી, કિશનભાઈ યાદવ - સભ્ય શ્રી ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉપરાંત દર મહિને એકવાર ભેગા થઈને પચાસ રૂપિયા ઘરદીઠ લઈ આગામી દિવસોમાં તેનો વિકાસ કાર્યોમાં ઉપયોગ કરવાની યોજના શરૂ થઈ અને દરેક મહિનાના બીજા સોમવારે મળવાનું નક્કી કર્યું.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૧૦૨૮ થી ૧૪૪૯ મગફળી ૯૯૫ થી ૧૪૦૫

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૯૦૫-૧૨૯૭
શિંગમોટી-૯૯૫-૧૪૦૫
જુવાર-૫૭૭-૯૩૦
તલસફેદ-૨૨૪૫-૩૨૦૦
બાજરો-૪૭૦-૪૮૬
ઘઉંટુકડા-૫૨૦-૬૩૬
ઘઉંલોકવન-૪૫૫-૪૯૫
મગ-૧૪૮૦-૧૮૫૭
અડદ-૧૭૦૫-૧૯૯૨
ચણા-૯૦૦-૧૦૭૩
કપાસ-૧૦૨૮-૧૪૪૯
રાય-૧૦૦૦-૧૨૪૧
ધાણા-૧૦૯૧-૧૨૫૪
સોયાબીન-૮૫૫-૮૯૯
તુવેર-૧૧૩૦-૧૯૩૨
એરંડા-૧૦૭૧-૧૧૦૧
મરચાલાંબા-૧૦૧૦-૩૪૮૦

**અમરેલી શાકભાજી**
બટેટા-૨૦૦-૨૫૦
રીંગણા-૪૫૦-૫૮૦
ફલાવર-૬૦૦-૭૦૦
કોબીઝ-૨૨૦-૩૦૦
ટમેટાં-૨૦૦-૩૫૦
સુરણ-૬૫૦-૭૦૦
ગાજર-૩૩૦-૪૧૦
દુધી-૧૨૦-૨૦૦
કારેલા-૫૦૦-૬૦૦
ગલકા-૫૫૦-૬૩૦
કાકડી-૫૦૦-૬૦૦
ગુવાર-૧૨૦૦-૧૩૫૦
ચોળાલીલા-૪૫૦-૫૫૦
તુરીયા-૬૦૦-૭૦૦
ભીંડો-૭૦૦-૮૦૦
આદુ-૨૦૦૦-૨૨૦૦
કોથમીર-૨૦૦-૨૫૦
મેથીભાજી-૪૦૦-૫૦૦
ટીંડોરા-૫૦૦-૬૦૦
લીમડોમીઠો-૧૦૦-૧૨૦
મરચાલીલા-૪૨૦-૬૭૦
લસણસુકું-૩૦૦૦-૩૮૦૦
લીંબુ-૮૦૦-૧૦૦૦
પાલક-૩૫૦-૪૫૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૪૧-૫૧૨
જુવાર-૫૪૦-૧૦૬૦
ઘંઉ-૪૬૦-૬૨૨
તલસફેદ-૨૧૦૦-૩૩૦૧
મેથી-૧૦૦૦-૧૦૦૦
સોયાબીન-૬૦૦-૮૫૧
શીંગ-૭૦૦-૧૩૬૦
તલકાળા-૨૩૦૧-૨૩૦૧
કપાસ-૧૦૦૦-૧૪૨૬
મગ-૯૦૧-૧૬૫૧
મકાઈ-૪૫૦-૪૫૦

**મહુવાયાર્ડ**
શીંગ-૧૧૮૦-૧૩૩૧
શીંગજી-૧૨૬૦-૧૪૬૮
ડુંગળીલાલ-૧૦૦-૩૪૩
ડુંગળીસફેદ-૨૪૫-૩૨૦
બાજરી-૪૬૧-૫૩૦
મગ-૧૬૭૫-૨૨૬૨
નાળીયેર-૪૧૨-૧૭૫૨
ચણા-૧૦૨૦-૧૦૫૯
મકાઈ-૪૫૦-૪૫૨
અડદ-૧૧૯૫-૧૮૭૦
સોયાબીન-૮૦૦-૮૮૯

**બાબરા**
કપાસ-૧૨૦૦-૧૪૬૦
તલસફેદ
ચણા-૯૧૪-૧૦૨૬
ઘઉં-૪૫૬-૫૮૪
તુવેર-૧૫૪૦-૧૬૧૦
અડદ-
મગફળી-૧૨૧૬-૧૩૦૪
સોયાબીન-૮૨૮-૮૯૨

**ધારી**
કપાસ-૧૦૦૫-૧૪૨૨
મગફળી-૯૩૫-૧૪૦૦
ધાણા-૧૧૨૦-૧૧૨૦
તુવેર-૧૫૫૫-૧૭૫૦
ચણા-૯૬૦-૯૬૦
મેથી-૧૦૬૫-૧૦૬૫
ઘઉં-૪૪૦-૫૭૦
ચોળી-૯૩૫-૯૩૫
સોયાબીન-૭૪૦-૮૭૨
અડદ-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૫૧-૧૪૦૧
તલસફેદ-૨૬૧૫-૩૧૪૦
તલકાળા-૨૫૫૦-૨૮૫૦
તુવેર-૧૫૫૦-૧૯૪૪
કપાસ-૧૨૧૦-૧૪૫૦
ઘઉં-૪૮૦-૬૦૧
બાજરો-૩૭૦-૫૦૫
જુવાર-૬૦૦-૧૦૩૦
ચણા-૮૦૦-૧૦૧૦
સોયાબીન-૮૦૦-૯૦૦
એરડી-૯૫૦-૧૧૦૦

**ખાંભા**
કપાસ-૧૨૨૦-૧૫૦૦
મગફળી-૧૩૦૦-૧૩૨૫
સોયાબીન-૮૬૫-૮૬૫
એરંડા-
તલસફેદ-૨૯૭૫-૨૯૭૬
ચણા-૭૧૫-૧૦૫૦
તુવેર-૧૬૫૦-૧૮૦૦

**બગસરા**
કપાસ-૧૧૦૦-૧૫૦૦
ધાણા-૧૧૩૫-૧૨૪૦
મગ-૧૪૦૫-૧૪૦૫
ઘઉંલોકવન-૫૧૫-૫૨૬
મગફળી-૮૫૧-૧૦૪૦
ઘઉંટુકડા-૫૧૫-૬૦૦
એરંડા-૧૦૩૦-૧૦૩૦
તુવેર-૧૨૫૨-૧૨૫૨
સોયાબીન-૪૦૮-૮૫૦
તલસફેદ-૨૦૦૦-૨૦૦૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૪૫૦-૮૦૦
દાડમ-૭૦૦-૨૦૦૦
મુસંબી-૭૦૦-૯૦૦
જામફળ-૫૦૦-૭૫૦
સંતરા-૪૦૦-૬૫૦
કીવી-૩૫૦૦-૫૦૦૦
ડ્રેગન ફ્રુટ-૨૦૦૦-૩૨૦૦
ટેટી-૨૦૦-૪૫૦
કેળા-૪૦૦-૫૨૫
પોપૈયા-૨૪૦-૩૩૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૧૦૦૦-૩૦૦૦
અનાનસ-૮૦૦-૧૧૦૦
અંગુર-૭૦૦-૨૩૦૦

**લીલીયા**
કપાસ-૧૦૪૮-૧૪૮૧

## અમરેલી આજનું તાપમાન

મહ IમI તાપમાન ૩૦
ન્યુનતમ તાપમાન ૧૪
ભેજનું પ્રમાણ ૭૮
પવનની ગતિ સરેરાશ-૨.૭

# ગમાપીપળીયા ગામમાં અક્ષત કળશના સામૈયા



બાબરા,બાબરાના ગમાપીપળીયા ગામમાં અયોધ્યાથી આવેલ અક્ષત કળશના સામૈયા કરવામાં આવ્યા. સામૈયામાં આશરે ૫૦ બાલિકાઓએ સામૈયા લઈ બહોળી સંખ્યામાં ભાઈઓ બહેનો અને યુવાનોએ તબલા ના તાલે અને મંજીરાના નાદે ગાતા ગાતા શેરી વળાવી સજ કરું હરિ આવો ને. અયોધ્યા થી આવેલ અક્ષત સાથે બાબરા થી આવેલા રામ ભક્તોને બાલિકાઓએ ચાંદલો અને ચોખા ચોખા વડે સન્માન કરવામાં આવ્યું.

# નવી દિલ્હીમાં ગુજરાતને બેસ્ટ પર્ફોર્મર સ્ટેટનો એવોર્ડ એનાયત

ગીર સોમનાથ, (સંજય રાઠોડ) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન અને પ્રેરણા આપવા ૧૬ જાન્યુઆરી ૨૦૧૬ના શરૂ કરાવેલી નવતર પહેલ ‘સ્ટાર્ટઅપ ઈન્ડિયા’ અન્વયે ગુજરાતે સતત ચોથી વાઅર સ્ટાર્ટઅપ રેન્કિંગમાં બેસ્ટ પર્ફોર્મર સ્ટેટનું ગૌરવ મેળવ્યું છે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ ગૌરવ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે રાજ્ય સરકારના ઉદ્યોગ વિભાગ અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ સાથે સંકળાયેલા ઉદ્યોગ સાહસિકોને અભિનંદન પાઠવ્યા છે. નેશનલ સ્ટાર્ટઅપ-ડે ના અવસરે નવી દિલ્હીમાં સ્ટાર્ટઅપ રેન્કિંગ-૨૦૨૨ના પરિણામોનું અનાવરણ કેન્દ્રીય ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી શ્રી પિયુષ ગોયલે કર્યું હતું. વડાપ્રધાન શ્રીએ આત્મનિર્ભર ભારતના ધ્યેયને પાર પાડવા દેશમાં મજબૂત ઉદ્યોગ સાહસિક ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા આ ‘સ્ટાર્ટઅપ ઈન્ડિયા’ પહેલ શરૂ કરાવેલી છે.

# પહેલા પાનાનું ધાણાની આવક

શ્રી ગણેશ થયેલ છે. જે ચેરમેન શ્રી દિપકભાઈ માલાણી ના વર્ચ્યુઅલ થી વિધિ સર પૂજન કરી શ્રીફળ વધેરીને મો મીઠું કરાવીને હરરાજીની શુભ શરૂઆત કરવામાં આવી અને ખરીદનાર વેપારીશ્રીઓ તેમજ યાર્ડના સેક્રેટરી શ્રી જતીન માલાણી, આસિસ્ટન્ટ સેક્રેટરી શ્રી મુકેશભાઈ ત્રિવેદી, ઈન્સ્પેક્ટર શ્રી વનરાજભાઈ ખુમાણ તેમજ સ્ટાફગણ અને ડિરેક્ટરશ્રીઓની ઉપસ્થિતિમાં ધાણા ખરીદનાર વેપારીઓમાં મુહૂર્તના ધાણા ખરીદવા માટે બોલીઓ બોલવામાં આવતા વિમલ ટ્રેડર્સ દ્વારા રૂ. ૨૭૯૦/- ની ઊંચી બોલી બોલીને મુહૂર્તના ધાણા ખરીદ કરેલ. જેથી મુહૂર્તના સારા ભાવ બોલતા ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ છવાયો હતો. તેમ આસિસ્ટન્ટ સેક્રેટરી શ્રી મુકેશભાઈ ત્રિવેદી ની યાદી જણાવે છે.

# ધોરણ ૧૨ પછી લેવાતી ગુજકેટની પરીક્ષાનાં ફોર્મ ભરવાની તારીખ લંબાવાઇ : ૧૬ જાન્યુઆરીનાં બદલે હવે ૨૨ જાન્યુઆરી સુધી ફોર્મ ભરી શકાશે

સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ વાયર પધ્ધતિ દ્વારા વાંકા-ચુંકા દાંતની સારવારનાં નિષ્ણાંત
અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.
ડૉ. દેવાંગ બી. પંડયા
B.D.S., M.D.S.(Orthodontics) Double-Slot System (Brazil)
દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ
આધુનિક મશીનરી ધરાવતી અમરેલી જિલ્લાની એકમાત્ર હોસ્પિટલ...
Align દાંતની હોસ્પિટલ
સમય : સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮ મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭
સ્થળ : સફારી પ્લાઝા કોમ્પલેક્ષ, બીજો માળ, ભગવતી ચોક, નિલકંઠ જ્વેલર્સ સામે, અમરેલી.
દર મહિનાનાં બીજા તથા ચોથા બુધવારે રાધિકા હોસ્પિટલ ખાતે બપોરે ૩ થી ૫ મળશે



શ્રધ્ધાંજલી
સ્વ. દડુભાઈ લખુભાઈ ધાધલ
(વરસડાવાળા)
સ્વ.તા.13/1/2024

હસીને હસાવનાર અમોને રડાવી ગયા,
અણધારી વિદાય એવી લીધી કે, અમારૂ કાળજું કંપાવી ગયા,
તમારી ચિર: વિદાયની ખોટ અમોને ખુબજ વર્તાય છે,
(ભગવાન સુર્યનારાયણ અને મોમાઈ માતાજી)
આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.. ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

જેતુભાઈ શેલારભાઈ ખુમાણ (મેનેજર, બી.ડી.સી. બેંક)
જયરાજભાઈ જેતુભાઈ ખુમાણ
(સુર્યદિપ ગેસ એજન્સી,સાવરકુંડલા & રાજુલા )
દિવાકરભાઈ જેતુભાઈ ખુમાણ (લોરીયા ગારમેન્ટ, રાજકોટ)
રૂદ્રભાઈ જયરાજભાઈ ખુમાણ
તથા ખુમાણ પરિવાર સાવરકુંડલાના જય માતાજી

... સોનેરી સંબંધો માટે સુવર્ણ ભેટ ...
999 24K Gold Leaf
Car Stand | Wall Decor Frame | Table Frame
₹850 થી શરૂ થતી વિશાળ રેંજ
MGA મધુવન ગૉલ્ડ આર્ટ
Since : 2000
સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvan gold art | madhuvangold.in

પ્રધાનમંત્રી કૌશલ્ય કેન્દ્ર
સ્થળ : ચોથો માળ, નવા બસ સ્ટેન્ડની સામે, સિટી પોઈન્ટ કોમ્પલેક્ષ, ચકાભાઈ ભેળવાળાની ઉપર, અમરેલી. Mo. 94099 29395
વિનામૂલ્યે રોજગારી તથા સ્વાવલંબન મેળવવા માટે પ્રશિક્ષણ મેળવવા ૫ પાસ/૮ પાસ/૧૦ પાસ/૧૨ પાસ તથા સ્નાતક કોઈપણ વ્યક્તિ માટે સુવર્ણ તક...
૧૫ થી ૪૫ વર્ષનાં કોઇપણ વ્યક્તિ આ કોર્ષ કરી શકશે
• ૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦ નો કોર્ષ બિલકુલ ફ્રી
• ભારત સરકાર માન્ય સર્ટીફિકેટ
• નોકરીની તક ૨,૦૦,૦૦૦ નો વીમો ૩ વર્ષ માટે બિલકુલ ફ્રી
ફ્રી

| ક્રમ | કોર્ષ |
|---|---|
| ૧. | બ્યુટી પાર્લર |
| ૨. | સિવણ કામ |

ફ્રી
વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ કાર્ય શરૂ છે.
વધુ માહિતી માટે કોલ કરો : Mo. 94099 29395
એડમિશન સમય : સવારે ૧૦ થી સાંજે ૫ સુધી સંસ્થા પર આવીને રૂબરૂ મળવું.
જરૂરી પુરાવા : આધાર કાર્ડની કલર ઝેરોક્ષ-૨, બેંક પાસબુક ઝેરોક્ષ-૧, માર્કશીટ ઝેરોક્ષ-૧, ફોટા-૨

શ્યામ આંખની હોસ્પિટલ
ડો. કપિલ બી. વરૂ (M.S.)
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત
૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી
અહીં ઉપલબ્ધ સુવિધા :
● અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર આંખના નંબરની યોગ્ય તપાસ કરવાનું અતિ આધુનિક PHOROPTER TOPCON મશીન(જાપાન)
● અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર મોતીયાના ઓપરેશન માટે આધુનિક OERTLI ફેકો મશીન (સ્વીઝરલેન્ડ)
● અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર નેત્રમણી (LENS) નું માપ લેવા માટે DGH મશીન (અમેરીકા)
● અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર VINYL FLOORING અને AIR PURIFIER થી સજ્જ અદ્યતન ઓપરેશન થીયેટર
● ઓપરેશન માટે ZEISS MICROSCOPE (જર્મની)
● ઝામરની તપાસ માટે I - CARE મશીન (ફીનલેન્ડ) અને AP-PLANATION મશીન (સ્પેન)
● આંખની સંપુર્ણ તપાસ માટે SLITLAMP TOPCON (જાપાન)
● આંખનું માપ લેવા માટે ઓટોમેટીક KR-1 (જાપાન) દરેક પ્રકારના મેડીકલેઈમની સુવિધા
● સ્પેશ્યલ તથા સેમી સ્પેશ્યલ રૂમની સુવિધા
● દવાઓ તથા આધુનિક ચશ્મા હોસ્પિટલમાં જ ઉપલબ્ધ
-: સ્થળ :-
-: અમરેલી :- સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦
-: રાજુલા :- શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦

☎ 94281 90118
॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥
ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ
વિન્ટર કલેક્શન
એક-એકથી ચડીયાતા
વિન્ટર કલેક્શનની અવનવિ વેરાયટી
વિન્ટર ટી-શર્ટ, વુડી, જેકેટ, ફેન્સીકોટ, હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...
એક જ ભાવ
ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ
લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેકશન
M to 5XL સુધી બધુંજ
ઉમિયા ફેશન
(નાના આંકડીયાવાળા)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી.

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

# સાતમી વાર્ષિક પૂણ્યતિથીએ

# શ્રધ્ધાસુમન - ડેડાણ



આપની ઇષ્ટદેવ શ્રી તુલસીશ્યામ ભગવાન
પ્રત્યેની અનન્ય શ્રધ્ધા તેમજ કૌટુંબિક લાગણી
ઉપરાંત દરેક સમાજ પ્રત્યેની સદભાવનાનો
સિધ્ધાંત હર હંમેશ પ્રેરણાદાયી રહેશે.
ભગવાન શ્રી તુલસીશ્યામ આપના દિવ્ય આત્માને
શરણે રાખે એવી શ્રી શ્યામ ભગવાન ને પ્રાર્થના.

ડેડાણ દરબારશ્રી સામંતબાપુ
અમરૂબાપુ કોટીલા
સ્વ.તા.૧૮-૧-૨૦૧૭ - ડેડાણ

લી.

દ.શ્રી હસુભાઇ એસ.કોટીલા
દ.શ્રી મહેશભાઇ એસ.કોટીલા
દ.શ્રી કિશોરભાઇ એસ.કોટીલા
દ.શ્રી હિતેન્દ્રભાઇ એસ.કોટીલા
દ.શ્રી ઇન્દ્રજીતભાઇ એસ.કોટીલા
દ.શ્રી નનકુભાઇ કે. કોટીલા
દ.શ્રી હરદિપભાઇ એસ. કોટીલા
દ.શ્રી રાજુભાઇ ડી. કોટીલા
દ.શ્રી અનિરૂધ્ધભાઇ એન. કોટીલા
દ.શ્રી અશોકભાઇ કે. કોટીલા
દ.શ્રી સુરેશભાઇ એન. કોટીલા

ડેડાણ દરબારગઢથી જય શ્યામ

